# તમારી દોસ્તી સાચી

— તથાગત પટેલ

એક ગામ પાસે શિયાળ આમથી તેમ આંટા મારી રહ્યું હતું. એવામાં એક કૂતરો એની પાસેથી નીકળ્યો. શિયાળ એ કૂતરા પાસે ગયું અને કહ્યું કે કૂતરાભાઈ તમે મારી સાથે દોસ્તી કરશો ?

ધીરેધીરે ચાલતો કૂતરાને શિયાળે કહ્યું એ સાંભળ્યું જુઓ તમે સીમમાં વધારે પ્રમાણમાં રહો છો અને મારે ગામમાં વધારે પ્રમાણમાં રહેવાનું હોય છે એટલે આપણી દોસ્તીનો મેળ ના પડે, એમ કહી કૂતરાએ આગળ ચાલવા માંડયું.

શિયાળ કાંઈક વિચારતું હતું એવામાં એની પાસેથી એક બિલાડી નીકળી તો શિયાળે કહ્યું કે બિલાડીબાઈ તમે મારી સાથે દોસ્તી કરશો ? બિલ્લીબાઈએ તરત શિયાળ સામે જોયું અને કહ્યું કે જુઓ શિયાળભાઈ તમે જંગલ અને સીમના રહેવાસી છો એટલે આપણી દોસ્તી વધારે ચાલે નહીં અને તમારી છાપ લૂચ્ચાઈવાળા પ્રાણી તરીકે થાય છે એટલે મને વધારે નહીં ફાવે, એમ કહી બિલાડી પણ આગળ ચાલવા માંડી.

શિયાળ મનમાં વિચાર કરવા લાગ્યું કે મારા સ્વભાવને બધાં ઓળખે છે એથી ના પાડે છે અથવા દોસ્તી ન કરવાનાં બહાનાં કાઢે છે. એમ વિચાર કરતું હતું ને સામેથી ચારપાંચ બકરીઓ આવતી જોઈ શિયાળ ઊભું રહ્યું. જેવી બકરીઓ પાસે આવવા થઈ એવું જ શિયાળ એમની તરફ જવા લાગ્યું, બકરીઓ ગભરાણી છતાં ન છૂટકે ઊભી રહી. એટલામાં શિયાળ પાસે આવ્યું અને કહ્યું કે ફરવાં



નીકળ્યાં છો ને ? હું તમારી સાથે આવું ? મારી સાથે દાસ્તી કરશો ?

બકરીઓએ એકબીજા સામે જોયું અને એમાંથી મોટી બકરીએ કહ્યું કે, જુઓ શિયાળભાઈ તમારી સાથે દોસ્તી કરવામાં વાંધો નથી પરંતુ અમારો માલીક ભરવાડ પછી અમને રાખે નહીં કારણ તમારી છાણ ખરાબ છે, તમે લૂચ્ચાઈવાળી છાપવાળા છો. એટલે અમને નિર્દોષને આવી દોસ્તી ન પાલવે, એમ કહી બકરીઓ મનમાં હસતી હસતી આગળ ચાલતી થઈ.

શિયાળ અત્યંત નિરાશ થતું થતું આગળ જવા લાગ્યું અને એટલામાં દૂર એક ઝાડ પરથી વાંદરીનું બચ્ચું નીચે પડયું, અને વાંદરી નીચે આવી પોતાના બચ્ચાને લઈ ઝાડ ઉપર ચડી જવા પ્રયત્ન કર્યો. પણ બચ્ચું માને બે હાથે પકડી જ શકતું નહોતું. એટલે બચ્ચાની મા બચ્ચા પાસે નીચે નિરાશ થઈ બેસી રહી હતી.

એટલામાં બેત્રણ કૂતરા આ બાજુ આવતા દેખાયા, વાંદરી ગભરાઈ, આ બાજુ શિયાળ પણ એની પાસે જવા લાગ્યું તો વાંદરી વધારે ગભરાવા લાગી.

શિયાળ સમજી ગયું કે વાંદરી પોતાના બચ્ચાની ચિંતા કરે છે અને આવતા કૂતરાઓથી ડરી રહી છે. શિયાળે નજીક આવી વાંદરીને કહ્યું તું ગભરાઈશ નહીં હું તારી પાસે જ છું. અને તો મદદ કરીશ. તારા બચ્ચાને હું તને કોઈ નુકસાન નહીં થવા દઉં તું પણ પેલા કૂતરાઓનો હિંમતથી સામનો કરવા તૈયાર થઈ જા.

વાંદરીમાં શિયાળનાં વાક્યો સાંભળીને હિંમત આવી અને કૂતરાઓને છેક પાસે આવી પહોંચે એ પહેલાં પ્રથમ શિયાળે કૂતરાઓને કહ્યું કે ખબરદાર હવે નજીક આવ્યો છોતો હું અને વાંદરી બંને ભેગાં થઈ તમોને એકપણને પાછા નહીં જવા દઈએ, સમજ્યા ?

કૂતરાઓ, શિયાળ અને વાંદરીની હિંમત જોઈ ગભરાયા અને એકબીજા સામે જોઈ પાછા વળી ગયા.

વાંદરીએ શિયાળને કહ્યું કે હમણાં મને તમારી બીક લાગતી હતી પણ તમે દોસ્તીનું કામ કરી બતાવ્યું એથી આપણે બંને હવે દોસ્ત છીએ બરાબર ?

શિયાળને ઘણા વખત પછી દોસ્તી કરનાર કોઈ મળ્યું એટલે ઘણો ઘણો આનંદ થયો. થોડા સમય પછી નીચે પડેલ બચ્ચું બેઠું થઈ કૂદાકૂદ કરતું ફરવા લાગ્યું અને વાંદરી અને શિયાળ બંનેને પણ ઘણો આનંદ થયો.

■